Volume-2, Issue-5, May-2015 ISSN: 2349-7637 (Online)

RESEARCH HUB – International Multidisciplinary Research Journal (RHIMRJ)

Research Paper

Available online at: www.rhimrj.com

# સિસિફસ : જીવનની એકવિધતા

Jignesh Parmar
Research Scholar,
Post-Graduate, Dept of Gujarati,
Sardar Patel University,
Vallabh Vidhyanagar, Gujarat (India)

---

પ્રથમ કાવ્યસંગ્રહ 'એટલે' (૧૯૭૪)થી જ ગઝલસર્જનમાં પોતાની આગવી ઓળખ રજૂ કરનાર હરેશ દલાલનો 'સિસિફસ' નામનો બીજો ગઝલસંગ્રહ ૧૯૮૧માં પ્રગટ થયો છે. 'એટલે'થી 'સિસિફસ' વચ્ચે પાંચ-સાત વર્ષનો સમયગાળો છે. 'સિસિફસ'માં કુલ ૩૧ ગઝલરચનાઓ છે. આ સંગ્રહ હરેશ દલાલની કાવ્યસર્જન પ્રવૃત્તિની વિકાસગતિનો આલેખ રજૂ કરે છે. ગઝલ એ એમની અભિવ્યક્તિને અનુકૂળ આવેલું કાવ્યસ્વરૂપ છે. એ સમયગાળામાં ગઝલસર્જનમાં પ્રયોગો તથા નવા રૂપની શોધના પ્રયાસો થયા હતા. તો 'સમકાલીન સમર્થ ગઝલકારોનો પ્રભાવ પણ હરેશની ઉન્મેષશાલિની સર્જકતા સાથે ઓગળી એકરસ થઈને મહોરતો હોય એવું પણ વિદગ્ધ-સહૃદય ભાવકને લાગશે.'(૧)

જીવન અને મૃત્યુ વિષયક ચિંતન અહીં અનેક શે'રમાં આલેખાયેલુ જોવા મળે છે. માનવીય જીવન તેની સાથે જોડાયેલું નગર અને નગરજીવનની અર્થહીનતા, જીવનની એકવિધતા, સુખની તલાશમાં ભાગ્યા કરતો ને હાંફતો માણસ, માનવીની અર્થહીન દોડ અહલ્યા સમ બની ગયેલી માનવીની લાગણીઓ માનવીને જાણે કે સિસિફસની જેમ શાપ મળ્યો હોય અને એ અર્થહીન પ્રવૃત્તિ કરતો હોય એવું પુરાકલ્પન ઉપરાંત કલ્પન અને પ્રતીક – આ બધું જ આ સંગ્રહની ગઝલોમાં પસાર થતા અનુભવાય છે.

માનવજીવનની અર્થહીન પ્રવૃત્તિ-વૃત્તિને તેમણે અનેક શે'રમાં રજૂ કરી છે. પ્રથમ ગઝલનો પ્રથમ શે'ર જૂઓ...

'રેતમાં ઘર બાંધવાનું ભોળપણ
હું કરું છું ને કરો છો આપ પણ.'
('સિસિફસ' : પૃ.૫)

અર્થહીનતાને કવિ 'ભોળપણ' દ્વારા વ્યક્ત કરે છે. રેતમાં ઘર બાંધવાનું કામ બાળપણમાં દરેક કરે પરંતુ મોટી ઉંમરે પણ આ 'ભોળપણ' ચાલું જ રહે છે ને માનવી જીવન નામની રમત રમ્યા જ કરે છે.

'લંગરો બાંધેલ પળની નાવમાં;
લોકને જોયા હલેસાં મારતાં !'
(એજન : પૃ.૧૧)

હરેક પળે માનવી લંગરો બાંધેલ નાવને હલેસાં મારે છે. તેને ગતિનો આભાસ થાય છે પણ તે ત્યાંનો ત્યાં જ છે.

'અહીં તો બધાંમા સિસિફસ વસે છે;
જુદાં શાપવશ સૌ શિલા ઊંચકે છે !'
(એજન : પૃ.૧૯)

છસિફસને મળેલ શાપની સર્વવ્યાપકતા અહીં નિરૂપાઈ છે. તો માનવીના વલખાં, જે જરૂરી નથી જે શક્ય નથી એ માટેની માનવીની પ્રવૃત્તિ આમ રજૂ થઈ છે –

'જેમ મૂઠ્ઠીમાં ભરે ઝાઝી સરે,
લોક એવી ચીજને માટે મરે.'

(એજન : પૃ.૨૪)

જેને પ્રાપ્ત કરતાં ઘણું ગુમાવવું પડે ને એ પ્રાપ્ત કર્યા પછી પણ એની આવશ્યકતા નહીં જેવી જ હોય એવી મનોવૃત્તિ અહીં સુપેર પ્રગટી છે. તો પોતાના આ કાર્ય માટે ઈશ્વરને દોષ દેતો માનવી પણ જોવા મળે. જુઓ-

'તેં મને બહુ આકરી દીધી સજા;
ધુમ્મસે હું કેમ કિરણોને વણું ?'

(એજન : પૃ.૨૭)

માનવીને મોટાભાગની પ્રવૃત્તિ ધુમ્મસમાં જ્યાં કશું દેખાય જ નહીં તેવા સમયે કિરણોને વણવા જેવી આકરી ને સજારૂપ છે, અર્થહીન છે.

મૃત્યુવિષયક અનેક શે'રો આ સંગ્રહમાંથી મળે છે. તેમાથી બે-ચાર જે મમળાવવા ગમે એવા છે તે માણીએ...

'એક વેળા માંડ આવ્યું ઘર સુધી
મૃત્યુને ચિઠ્ઠી લખેલી સો વરસ !'

(એજન : પૃ.૬)

'આયુષ્યનો આ કાચ નક્કી તૂટશે;
પાછળ પડી છે શ્વાસની હીરાકણી.'

(એજન : પૃ.૧૫)

'મૃત્યુ મારામાં પ્રવેશે - નીકળે
હું હવે છું સાવ ખુલ્લું બારણું.'

(એજન : પૃ.૨૭)

મૃત્યુ વિષયક આ અને આવા અનેક શે'ર મળે છે. પાછળ પડેલી શ્વાસની હીરાકણી એક દિવસ આયુષ્યના કાચને તોડી નાંખશે ને મૃત્યુને લખેલી ચિઠ્ઠી મૃત્યુને ઘર સુધી લઈ આવશે જેવી કલ્પનાસભર અભિવ્યક્તિ ધ્યાનાકર્ષક છે.

કલ્પનનું નાવીન્ય બીજા શે'રમાં પણ અનુભવાય છે. 'ખાલીપો કાગળનો' અને 'તડકો' નખશિખ માણવા જેવી રચનાઓ છે. 'તડકો' ગઝલમાં તડકાને બાળક જેવો રમતિયાળ ને પશુ-પક્ષીઓ જેવો નિર્દોષ રજૂ કરાયો છે. જૂઓ -

'ચડી ડાળો ઉપર પડે તડકો
ગોઠણ છોલાય ને રડે તડકો'.

(પૃ.૨૮)

'પહાડી ઢાળ ઊતરી સાંજે
નદીના ઘાસને ચરે તડકો'.

(પૃ.૨૮)

તડકાને ડાળ ઉપર ચડતો, ઘાસ ચરતો, પંખીના ટહુકાઓ ગણતો, હવાનો ગાલ ચૂમતો દર્શાવીને તડકાને કલ્પનામાધુર્યથી રજૂ કર્યો છે. 'ખાલીપો કાગળનો' ગઝલમાં પણ મનોહર શે'ર મળે છે.

'પડછાયો - પડછાયો રમીએ
પીંજરમાં નભને આંતરીએ.
તોડી અંધારાનો અરીસો,
સૂરજ આંખે આંજી ફરીએ.

(પૃ.૨૬)

નભને પીંજરામાં આંતરવું, અંધારાનો અરીસો ફોડી, સૂરજને આંખે આંજીને ફરવું, કાગળનો ખાલીપો પહેરી અક્ષરને આડે ઊતરવાની કલ્પના મનોહારી છે. પ્રણય અને જીવનવિષયક ચિંતન પણ એમની ગઝલના શે'રમાં અનુભવાય છે.

'તું નદીની જેમ, ઝરણા જેમ હું
આપણે ભેટી પડીશું ક્યાંય પણ.'
(એજન : પૃ.૫)

છૂટા પડેલા પ્રણયીજનને ભવિષ્યમાં 'ક્યાંય પણ' ભેટી પડવાનો ભાવ અસરકારક રીતે નિરૂપાયો છે. કોઈના આગમનની રાહ જોતા પ્રણયીજનની સાથે સ્મરણમાં ગળાડૂબ પ્રણયીજન પણ નિરૂપાયો છે.

'કોઈ આવે તો વધેરું શ્વાસફળ;
હું કરું છું રોજ એવી માનતા.'
(એજન : પૃ.૧૧)

કોઈના આગમને શ્રીફળ અને તે પણ શ્વાસનું વધેરવાની ઉત્કટતા છે. તો-

'કેદ કાગળમાં કરી વરસાદને,
આંગણે લાવે ટપાલી યાદ.'
(એજન : પૃ.૧૦)

વરસાદ જેમ ભીંજવી દેતી કોઈની યાદ સ્પર્શક્ષમ બને એવી રીતે રજૂ કરાઈ છે. તો ક્યાંક આવી પણ અનુભૂતિ છે. જૂઓ-

'અહલ્યા બની ગઈ બધી લાગણીઓ;
કહો, કોઈને રામ નજરે ચડે છે ?'

પૂરાકલ્પન દ્વારા વર્તમાન જીવનની આ વિદારકતા સ્પર્શી જાય એવી છે. લાગણીઓ અહલ્યાની જેમ પથ્થર જેવી બની ગઈ છે. તેને રામનો સ્પર્શ જ સજીવ બનાવી શકે પણ રામ ક્યા નજરે ચડે છે ? ને અપેક્ષિત લાગણીઓ ન મળતા માનવીની આ જ તો વેદના હોઈ શકે.

'કેટલી ઉજળી કરી છે જોઈ લો,
આંસૂઓથી જિંદગીને ધોઈને.'
(એજન : પૃ.૨૩)

આંસૂઓથી જિંદગી ધોવાઈ છે ને એટલે જ તો એ ઉજળી બની છે. માનવીની વ્યથા-વેદનાનું કારણ માનવી પોતે જ છે, કારણ તેનો જીવનલય છિન્ન વિછિન્ન થઈ ગયો છે.

'કઈ રીતે એને સાંભળવો ?
માણસ તો તૂટેલો લય રે...'
(એજન : પૃ.૭)

માણસ પોતે જ પોતાની ભીતર વિછિન્ન થઈ ગયો છે. તે પોતે પોતામાં અખંડિત રહ્યો નથી ને તેથી જ તેને આપણે પામી શકતા નથી.

'સિસિફસ' સંગ્રહમાં રજૂ થયેલું ભાવસંવેદન છંદોવિધાન તેનું સૌષ્ઠવ, ભાષાકર્મ વગેરે ગઝલને નાજુક નમણી બનાવે છે. ભગવતીકુમાર શર્મા નોંધે છે કે 'અહીં કશું ભડકામણું, ભારઝલ્લું, બોલકું, હાયવરાળિયું નથી; શબ્દોનો ખખડાટ અને કાફિયા-રદીફની કરામત નથી. અહીં ઘણું બધું અન્ડરટોનમાં કે માત્ર હોઠના ફફડાટ કે આંખના સંકેતમાં કહી દેવાયું છે. માર્મિકતા આ શે'રોનું પ્રાણતત્ત્વ છે.'[૨] હરેશ લાલની કવિતા નૂતન કળા તત્ત્વોને સૂપેરે રજૂ કરતી જોવા મળે છે. આધુનિક સમયગાળામાં રચાતી ગુજરાતી ગઝલમાં તેઓ પ્રવાહ સાથે ચાલી શક્યા છે.

**સંદર્ભ :** સિસિફસ (ગઝલ સંગ્રહ) હરેશ લાલ પ્રથમ આવૃત્તિ ૧૯૮૧, રંગરેખા પ્રકાશન - રાજકોટ.

---